સાધના સાપ્તાહિક
તા. 17/04/21
પેજ નં. 33

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો છઠ્ઠો પદવીદાન સમારંભ યોજાયો



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તા. ૦૩/૦૪/૨૦૧૧ના રોજ છઠ્ઠો પદવીદાન સમારોહ વર્ચ્યુઅલ માધ્યમથી યોજાયો, જેમાં યુનિવર્સિટીના ૧૨૩૨૩ વિદ્યાર્થીઓને પદવી પ્રમાણપત્ર, ૨૮ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક અને ૩૧ વિદ્યાર્થીઓને રજતચંદ્રક એનાયત કરવામાં આવ્યા. ગુજરાત રાજ્યના રાજ્યપાલ તથા યુનિવર્સિટીના કુલાધિપતિ માનનીય આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજી, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી વિભાવરીબેન દવે તથા સારસ્વત અતિથિશ્રી ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યા આદિ મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ અધ્યક્ષીય ઉદ્બોધનમાં પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી સમુદાયને સત્યનિષ્ઠ આચરણ કરવાની સાથે સામાજિક પ્રતિબદ્ધતા કેળવવાની હિમાયત કરી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વર્તમાન શિક્ષણજગતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની શૈક્ષણિક સક્રિયતા તથા નવા અભ્યાસક્રમોની ગતિશીલતા વિશે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાજીએ વર્ચ્યુઅલ માધ્યમથી પદવીદાન સમારોહની સફળતા માટે ધન્યવાદની લાગણી વ્યક્ત કરી હતી તથા પદવી મેળવનાર વિદ્યાર્થીઓને જીવન તથા કારકિર્દીના વિવિધ પડકારો સામે સજ્જ થવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીએ પ્રારંભે પદવીદાન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવાની સાથે યુનિવર્સિટીની શૈક્ષણિક સક્રિયતા અને સિદ્ધિઓનો સંયત રીતે ઉલ્લેખ કર્યો. નવા અભ્યાસક્રમો તથા ટ્રાન્સજેન્ડર, શહીદ વીરની વિધવા તથા બાળકો તેમજ જેલના કેદીઓ માટે વિનામૂલ્ય શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવાની ઉપક્રમની વિગતો પ્રભાવક રહી. ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીના સમયમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિદ્યાકીય સક્રિયતા અને ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ સમગ્ર રાજ્યમાં નોંધપાત્ર સિદ્ધિ તરીકે ઉલ્લેખ પામે છે, તે બાબતે સૌ કોઈએ પ્રસન્નતા અનુભવી. યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. ભાવિનભાઈ ત્રિવેદીએ પદવીદાન સમારોહ નિમિત્તે ઉપસ્થિત સૌ કોઈ પ્રત્યે યુનિવર્સિટી પરિવાર વતી હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સાધના સાપ્તાહિક
તા. 17/04/2021
પેજ નં. 33